MIYAGAM-KARJAN
Pin Code - 391 240. Dist. Vadodara. (Guj.)
College Code : SGGU-ARTS-330/COM.-331
DP Code No. : 08/92/02/15/123
Egyan Code : 237 - College Code : 08-Zone Code :92
NAAC and AAA ACCREDITED 'B' Grade
(Affiliated to Shri Govind Guru University.-Godhra)
Dr. Gajendra S. Patel
Principal in Charge
(M) 94274 04453
(O) 02666-290401
E-Mail ID : gspkarjan67@yahoo.com
E-Mail ID : hcpartscommkarjan@yahoo.co.in

Ref. No. : ૨૮૨૫ / STU /2026 -2027

Date : 10 / 10 /2026

અખબારી યાદી

કરજણ કોલેજ ખાતે SSIP કાર્યક્રમ યોજાયો

શ્રીમતી એચ.સી.પટેલ આર્ટ્સ & કોમર્સ કોલેજ, કરજણમાં તા.- ૧૦/૧૦/૨૦૨૬ ના રોજ વિદ્યાર્થીઓમાં નવીન વિચારો, સંશોધન, સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાના હેતુથી ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP) અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મૌનિક જાની ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને નવીન વિચારો વિકસાવવા, સર્જનાત્મક અભિગમ અપનાવવા, સંશોધન કરવા તથા પોતાના વિચારોને વ્યવહારુ સ્વરૂપ આપી સમાજોપયોગી નવીનતાઓ અને સ્ટાર્ટઅપ તરફ આગળ વધવા માટે પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. જી. એસ. પટેલ, SSIP કો-ઓર્ડિનેટર ડૉ. જયેશ પટેલ તથા ઇનોવેશન કો-ઓર્ડિનેટર ડૉ. એલ. જે. વાણાની તથા સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.